શિનોર તાલુકાના સાધલી ગામના ભ્રષ્ટાચારનો જાહેરમાં ભડકો

# સાધલી ગ્રામ પંચાયતની નિષ્ફળ કામગીરીનો ગ્રામજનો દ્વારા વિરોધ

વહીવટીતંત્ર દ્વારા ગામમાં અટકેલા વિકાસ કામોને લોકોએ ઉજાગર કરી વિરોધ નોંધાવ્યો

(પ્રતિનિધી) વડોદરા, તા.17
સાધલી બસ સ્ટેન્ડ ખાતે મસ્ત મોટું બેનર મારી બેનરમાં સમાચારોના કટીંગ સાથે સાધલી ગ્રામ પંચાયતની ભ્રષ્ટ કામગીરી સામે અનેક સવાલ ઉઠયા છે. નગર ના રોડ, હોય કે ગટરલાઇન વિકાસની તમામ કામગિરી અધૂરી છે. અટકેલા કામોને સ્થાનિક લોકોએ ઉજાગર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.



મોટી સંખ્યામાં ઊમટી પડેલા ગ્રામજનો ધરણા પર બેસીને અનોખો વિરોધ કર્યો હતો. બંધ કરો યે ભ્રષ્ટાચાર ના ગીત સાથે લોકો ધરણા પર જોડાયા અને ભ્રષ્ટાચારી મનાતી સાધલી ગ્રામ પંચાયત તેમજ તંત્ર ને જગાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનો સાધલી ગ્રામ પંચાયત સદસ્યો તેમજ ગામના યુવાનો આગેવાનો, મહિલાઓએ આ વિરોધને ખુલ્લેઆમ સપોર્ટ કર્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સૂત્ર મહિલા સશક્તિકરણનો પણ છેદ ઉડાડી મહિલા સરપંચ તેમજ મહિલા સદસ્યો ના પતિઓ દ્વારા વહીવટ કરતા હોવાનો પણ ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે. તેમજ નગર ના એકતા નગર સહયોગ પાર્ક મોટું ફળિયું ગુજરાતી સ્કૂલ ફળિયું નકુમ વાડો જેવા અનેક વિસ્તારોમાં રોડ તેમજ ગટર લાઈન પાણીની અસુવિધાઓ ના સીધા આક્ષેપ જાહેર મા કરવામાં આવ્યા હતા. સ્થાનિકોમાં એવી ચર્ચા સાંભળવા મળી હતી કે તંત્ર આ મુદ્દે શું ક્યા પગલા લેશે. કે પછી ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરોની સાથે તંત્ર મીલી ભગત રચીને ઢાંક પીછોડો કરવા તેરી ભી ચુપ ઓર મેરી ભી ચૂપ કરીને બેસી જશે.

15 થી વધુ બાળકો અંબે માતા મંદિરની ધર્મશાળામાં બેસીને અભ્યાસ કરવા મજબૂર

# નસવાડીના સરકાર ફળીયા ચાર રસ્તા વિસ્તારની આંગણવાડી જર્જરિત

**સર્વ** શિક્ષા અભિયાનના લીરેલીરા ઉડાવતો કિસ્સો પ્રકાશમાં આવ્યો

(પ્રતિનિધી) નસવાડી, તા.17
નસવાડી નગરના સરકાર ફળીયા ચાર રસ્તા વિસ્તાર માં આંગણવાડી નંબર 4 આવેલી છે આ આંગણવાડી નું મકાન છેલ્લા એક વર્ષ થી જર્જરિત હોવાનો રિપોર્ટ આવતા બીજી કોઈ જગ્યા આંગણવાડી ચલાવવા માટે ના હોય જેને લઈને આંગણવાડી કર્મચારી દ્વારા સ્થાનિક લોકો ની મદદ લઈને ચાર રસ્તા વિસ્તાર



માં માં અંબે માતા ના મંદિર ની પાછળ મંદિર ની ધર્મશાળા આવેલી છે આ ધર્મશાળા માં બાળકોને બેસાડવામાં આવે છે જયારે નજીક માં બાળકો નો નાસ્તો બનાવવાનો ગેસ નો ચૂલો સળગાવવામાં આવે છે જયારે ધર્મશાળા ના હોલ માં મંદિર ના ફરસખાના નો સામાન પડેલો છે બાળકો ને નાની જગ્યામાં બેસાડવામાં આવે છે જયારે એકજ રૂમ માં તમામ વસ્તુઓ હોવાથી આંગણવાડી કર્મચારી ના જણાવ્યા મુજબ બાળકોને રમવા માટે ના રમકડાં આપી શકાતા નથી જયારે બાળકો નો નાસ્તો બનતો હોય તે વખતે બાળકોનું ધ્યાન રાખવું પડે છે દુર્ઘટના સર્જાય ત્યારે અમારી જવાબદારી નક્કી થાય ફરસખાનાનો સમાન આજ હોલ માં છે આવી પરિસ્થિતિ માં બાળકો સાથે ત્રણ કલાક કાઢવા મુશ્કેલ છે અમારી આંગણવાડી વહેલી તકે બને તે જરૂરી બન્યું છે નસવાડી ટાઉન માં આવી પરિસ્થિતિ છે ત્યારે ગામડાઓમાં આના થી પણ ખરાબ હાલત છે નસવાડી ટાઉન માં આવેલી આંગણવાડીની મુલાકાત પણ અધિકારીઓ લેતા નથી તો બાળકોનો વિકાસ કયાંથી થશે તેવુ ગામલોકોમાં ચર્ચાઇ રહ્યુ છે.

## ડભોઈ નગરપાલિકાના ભ્રષ્ટાચારમાં રોજ નવો અધ્યાય ઉમેરાય છે
## ૩૨ લાખના ઈ-નગર સોફ્ટવેરને ચાલુ રાખવામા કોઇને રસ નથી?



**ડભોઇ :** ડભોઇ નગરપાલિકાના વોર્ડ મા થતા કામો અને ૩૬ નગરસેવકો ને જોઈતી માહિતી આ સોફ્ટવેર થી સરળતાથી મળી રહે એવા સારા ઉદ્દેશ્ય સાથે ડભોઈ ના ધારાસભ્ય શૈલેષ મહેતા ધ્વારા ડભોઇ નગરપાલિકાને ૩૨ લાખ ની માતબર ગ્રાંટ આપી ઈ નગર સોફ્ટવેર આપવામાં આવામાં આવેલ જેથી ડભોઇ ના વોર્ડ મા થતાં કામો ની ચિફ ઓફીસર અને નગરસેવકો જોઈ શકે જે માટે એજન્સી સાથે કરાર પણ કરવામાં આવેલ આ સોફ્ટવેર જુની નગરપાલિકા મા ચાલતુ હતું પણ ૫ કરોડ ના ખર્ચે બનેલ નવી નગરપાલિકા મા આ મશીન કામ કરતુ નથી તો પ્રશ્ન એ ઉઠે કે નહીં ચાલવા દેવામાં કોણે રસ છે ? ડભોઇ નગરપાલિકા ના ચિફ ઓફીસર ઈ નગર સોફ્ટવેર ને વહેલી તકે ચાલુ કરાવે એવી નગરસેવકો ની લાગણી ઉઠવા પામી છે ડભોઇ ના ધારસભ્ય શૈલેષ મહેતા ડભોઇ ને સરકાર માંથી માતબર ગ્રાંટ અપાવી વર્ષો જુના કામો સરળતાથી થઈ રહ્યા છે અને પ્રાચીન દર્ભાવતી નગરી બનાવવા કમર કસી છે

# ચેક રિટર્ન કેસમાં નસવાડીના આરોપીને ૨ વર્ષની સાદી કેદ

(પ્રતિનિધિ) ડભોઇ, તા.17
નસવાડીના યાસીનભાઈ અઝીઝભાઈ મેમણ 2016 ના વર્ષ માં હોન્ડા એક્ટિવા ખરીદવા શાલીભદ્ર ફાઈનાન્સ લિમિટેડ ફાઈનાન્સ કંપની પાસે થી ફાઈનાન્સ માટે જરૂરી અધાર પુરાવા સાથે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા નસવાડી શાખા ના ચેકો આપી ફાઈનાન્સ મજૂર કરાવ્યું હતું.ફાઈનાન્સ ની રકમ મંજુર થતા ફાઈનાન્સ કંપની દ્વારા યાસીનભાઈ મેમણ ને ડભોઈ ખાતે થી હોન્ડા કંપની ની એક્ટિવા અપાવેલ.ફાઈનાન્સ માં કરેલ કરાર મુજબ લૉન ના હપ્તા ની ચુકવણી નિયમિત રીતે કરવાની હતી.પરંતુ ગ્રાહક દ્વારા સમયસર લૉન ના હપ્તા ની ચુકવણી કરવમાં ન આવતા ફાઈનાન્સ કંપની દ્વારા ગ્રાહક દ્વારા આપવામાં આવેલ ચેક બેન્ક માં નાખતા ચેક રિટર્ન થયા હતા. ચેક રિટર્ન થતા ફાઈનાન્સ કંપની તરફથી ફરિયાદી હિતેશભાઈ ચંદ્રકાન્તભાઈ પરમાર દ્વારા વકીલ મારફતે ગ્રાહક ને નોટિસ પાઠવી હતી.જે નોટિસ નું ગ્રાહક દ્વારા કોઈ જવાબ ન આપતા ફાઈનાન્સ કંપની ના ફરિયાદી હિતેશભાઈ પરમાર દ્વારા ગ્રાહક વિરુદ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ 138 મુજબ ફરિયાદ કરી ગ્રાહક ને કાયદા મુજબ ની સજા કરવા અરજી કરવામાં આવી હતી. જે બાબત નો કેસ ડભોઈ કોર્ટ માં ચાલી જતા તારીખ 16-7-2025 ના રોજ ડભોઈ કોર્ટ દ્વારા ચેક રિટર્ન ના કેસ માં યાસીનભાઈ અઝીઝભાઈ મેમણ રહે કવાંટરોડ મુ.પો તાલુકા નસવાડી જી છોટાઉદેપુર ને બે વર્ષ ની સજા સંભળાવવા માં આવી હતી.અને ફાઈનાન્સ કંપની ને બાકી રકમ વ્યાજ સાથે ચૂકવવા અને જો ન ચૂકવે તો બીજા બે વર્ષ ની સાદી કેદ ની સજા ફટકારવામાં આવી હતી.

બારીપુરાના ભેજાબાજ ખેડૂત દેવેન્દ્ર પટેલે કૃષિપંચમાં બે મરણ દાખલા રજુ કર્યા

# ડભોઈમાં વીલ આધારે જમીન વેચી નાખી સરકારને ચુનો લગાવ્યો

**લાખો** રૂપિયાનો આર્થિક લાભ મેળવવા માટે સરકાર સાથે છેતરપિંડીનો પ્રયાસ

(પ્રતિનિધી) ડભોઈ, તા.17
ડભોઈ સેવા સદનમાં 37 વર્ષ પહેલા મૃતકના બે અલગ મરણ દાખલા રજૂ કરવામા આવ્યા હતા. મામલતદારે ઊંડી તપાસ કરતા ભાંડો ફૂટ્યો હતો.
ખેડૂતે તેમના સગા મૃત્યુ પામ્યાના બે અલગ અલગ દાખલા પર વીલ બનાવી ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા ધારાના કાયદાથી બચવા માટે સરકારને ગેર માર્ગે દોરવા પ્રયાસ કર્યો હતો અને મરણ દાખલા ડભોઈ સેવા સદનમાં રજૂ કર્યા હતા. તેથી તેમની વિરુદ્ધ ડભોઈ પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ હતી.
મામલતદાર કચેરી દ્વારા મળતી માહિતી મુજબ ડભોઈ સેવા સદનમાં કૃષિપંચમા એક્ઝિકયુટિવ મેજિસ્ટ્રેટ પદે ફરજ બજાવતા પી.આર સંગાડાએ ડભોઈ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે જમીન ટોચ મર્યાદા ધારાના વ્યાપથી બચવા માટે તેમજ વધારાનું એક યુનિટ મેળવવાના ઈરાદાથી વર્ષ ૧૯૮૮ના એપ્રિલ માસની પહેલી તારીખથી વર્ષ ૨૦૨૫ના જુલાઈ માસની ત્રીજી તારીખ દરમિયાન ડભોઈ તાલુકાના બારીપુરાના ખેડૂત ખાતેદાર દેવેન્દ્ર કનુભાઈ પટેલે ગુનો આચર્યો હતો. પોતાના સીધી લીટીના સગા નાથાભાઈ મગનભાઈ પટેલના પત્ની ગંગાબેનનુ મૃત્યુ થયું હતું. તેના મરણના દાખલા ૨૪/૯/૧૯૭૯ અને ૨૫/૧૧/૧૯૮૬ ના રોજ બનાવ્યા હતા.
અને પ્રમાણપત્રો અને ખોટું વિલ તૈયાર કરાવ્યું હતું. ડભોઈ સેવાસદન સહિતની સરકારી કચેરીમાં રજૂ કરીને જમીન વેચી પણ નાખી હતી. લાખો રૂપિયાનો આર્થિક લાભ મેળવવા માટે સરકાર સાથે છેતરપિંડીનો પ્રયાસ કર્યો હતો. જે તપાસમાં બહાર આવતા ભેજાબાજ દેવેન્દ્ર પટેલ સામે ફરિયાદ નોંધાવાઈ હતી.

વડોદરા જિલ્લા પેરોલ ફર્લો સ્કોડનો સપાટો

# ચાર માસ પુર્વે અપહરણના ગુનામાં સંડોવાયેલા આરોપીનો સાગરિત ઝડપાયો

(પ્રતિનિધી) વડોદરા, તા.17
ચાણોદ પોલીસ સ્ટેશનમાં તા.૧૧/૦૩/૨૦૨૫ના રોજ નોંધાવેલી ફરિયાદ મુજબ કિડસીયાભાઇ રણજીયાભાઇ ડુંગરા ભીલ (રહે.કુદીઘોડા ફળીયું, વગુમા તા.નસવાડી જી. છોટાઉદેપુર) ની ૧૪ વર્ષ, ૦૬ માસની માસુમ પુત્રીને તુલસીભાઇ રામજાભાઇ વસાવા (રહે.ગધેડ તા.ગરૂડેશ્વર જી.નર્મદા) લગ્નની લાલચ આપીને પટાવી ફોસલાવી અપહરણ કરી ગયો હતો.તેના સાગરીત નારસીંગભાઇ ઉર્ફે નારજીભાઇ ગારદિયાભાઇ વસાવાએ (રહે.ગધેડ તા.ગરુડેશ્વર જી.નર્મદા) સગીરાને ભગાડવામાં મદદગારી કરીને મારી નાખવાની ધમકી આપી હતી. જે ગુન્હો દાખલ થયા બાદ પોલીસની ધરપકડના બીકથી છેલ્લા ચાર માસથી પોલીસ નજરથી ચોરી-છુપાઇ રહેતો હતો.
પેરોલ-ફર્લો સ્કવોર્ડના પીઆઇ વિ.જી. લાંબરીયાએ સ્ટાફના માણસોને સહ આરોપીને શોધી કાઢી સુચના આપી હતી. ટીમના હેડ



કોન્સ્ટેબલ સંજયભાઇ ગોવિંદભાઇ તથા ગૌતમભાઇ ગણેશભાઇને અંગત બાતમીદારે બાતમી આપી હતી કે અપહરણના ગુનામાં સંડોવાયેલા સહ આરોપી છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકા વિસ્તાર મા છે. પેરોલ-ફર્લો સ્કોર્ડની ટીમે મોજે. માથા જુલધુણીગામ, તા.નસવાડી, જિ.છોટાઉદેપુરથી આરોપીને ઝડપી પાડ્યો હતો.પોલીસને હાથ તાળી આપતા નારસીંગને ચાણોદ પોલીસ સ્ટેશનમાં સોંપી દીધો હતો. પોલિસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# નંદેસરીમાં કેમિકલ માફિયાઓ સામે તંત્ર લાચાર : વરસાદી કાંસમાં કેમિકલ છોડાયું



(પ્રતિનિધિ) ડભોઇ, તા.17
વડોદરા નજીક નંદેસરી સિંહાકુઈ વિસ્તારથી પસાર થતી વરસાદી કાંસમાં મોટી માત્રામાં કેમિકલ યુક્ત પ્રવાહી છોડી દેવામાં આવ્યું હતું. વરસાદી ઋતુ શરૂ થતાં જ કેટલાક કેમિકલ માફિયાઓ પાઈપ લાઈન મારફતે ખુલ્લી નદીમાં દુર્ગંધ યુક્ત ઝેરી પ્રવાહી છોડવાનું શરૂ કરવામાં આવ્યું છે. આ ઝેરી પ્રવાહ મીની નદીમાં ભળીને છેક મહીસાગર સુધી પહોંચે છે, જેના લીધે મહિ નદીનું પાણી પણ દૂષિત થયું છે. સ્થાનિકો જણાવે છે કે પશુઓ બીમાર પડે છે અને ઘાસ ચારો બળી જાય છે. માફિયાઓને પાલનારા તંત્ર અને પોલ્યુશન બોર્ડ ની નબળી કામગીરી પર પણ અનેક સવાલ ઉઠી રહ્યા છે. કુંભકર્ણની નિંદ્રામાં ઘોરતી NGT કે GPCB હાથ પર હાથ ધરી ને બેસી રહેશે તો પશુ પ્રાણીઓ અને માનવ સ્વાસ્થ પર કેવી અસર પડશે.તંત્ર આમ જ ઉંઘતું રહ્યું તો કેમિકલ માફીયાઓમાં કોઈ ડર નહી રહે!? એવું સ્થાનિક લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

ગંભીરા બ્રિજ દુર્ઘટનાની વિપરીત અસર

# ડભોઈના કરનાળી ચાંદોદના પુલની તપાસ હાથ ધરાઈ !!

(પ્રતિનિધી) ડભોઈ, તા.17
વડોદરા જિલ્લાના વડોદરા અને આણંદ ને જોડતો મહી નદી પર નો ગંભીરા પુલ તુટવા ને કારણે ૨૦ ઉપરાંત લોકો ના મૃત્યુ બાદ જાગેલી સરકાર દ્વારા આખાય ગુજરાત માં પુલો ની રીયાલીટી ચેક કરવામાં આવી જે બાદ કેટલાક પુલો ને મરામત માટે અગમચેતી રુપે બંધ કરી દેવામાં આવ્યા છે ગત સપ્તાહે જિલ્લા કલેકટર ધ્વારા ડભોઈ સરિતા અને સાઠોદ ઓવરબ્રિજ ની ચકાસણી કરી કામ વહેલી તકે પુરા કરવા અને જરૂરી સુચનો આપવામાં આવ્યા હતાં સાથે સાથે રાજપીપલા અને વડોદરા ને જોડતો નર્મદા નદી પરનો રંગ સેતુ બ્રીજ ભારે વાહનો માટે બંધ કરી દેવામાં આવ્યો છે જેને લઈ સરકાર ના માર્ગ મકાન અને પંચાયત વિભાગ ના અધિકારીઓ ડભોઇ તાલુકાના ઓરસંગ નદી પર ના કરનાળી ચાંદોદ બ્રીજ ની તપાસણી હાથ ધરી હતી. વગદાર સુત્રો માંથી જાણવા મળ્યાં મુજબ કરનાળી ચાંદોદ પુલ ની નજીક જ ભૂમાફિયા ઓ દ્વારા ખાણખનીજ વિભાગ ની આંખ માં રેતી નાંખી મોટા પાયે રેત ખનન



કરી રહ્યા છે કહે છે ઓરસંગ ની સફેદ રેતી સોનાના મોલે વેચાતી હોવાને લઈ ચંદ્ર ના અજવાળા માં બેફામ રેત ખનન થઈ રહ્યું છે જેને તાકીદે રોકવામાં નહિ આવે તો ચાંદોદ કરનાળી પુલ ગંભીરા વાળી કરે તો નવાઈ નહીં કરનાળી માં ચૌદશ અને અમાસ ના દિવસે મોટી સંખ્યામાં ભકતો દર્શન માટે આવતા હોય છે જિલ્લા કલેકટર ખાણખનીજ વિભાગ ના કલાસ લઈ ચાંદોદના પુલ ની નીચે ઓરસંગ નદી માં રેત ખનન કરવા પર પ્રતિબંધ લગાવી આકરી કાર્યવાહી.કરે એ સમય ની તાતી જરુરીયાત બનવા પામી છે.

8,00,000 લાખ લીટર પાણીના સંગ્રહની શ્રમતા ધરાવતી ટાંકી બનશે તો લોકોને સગવડ મળશે

# ડભોઈના મોતીબાગ પાસે પીવાના પાણીની નવી ટાંકી તૈયાર થતા લોકોમા આનંદ

(પ્રતિનિધી) ડભોઇ, તા.17
ડભોઇના મોતીબાગ પાસે દાયકાઓ જુની પીવાના પાણીની ટાંકી જર્જરીત થઈ જતા તેને ગત વર્ષે તોડી પડાઇ હતી.જેની જગ્યાએ નવીન પીવાના પાણીની ટાંકી આકાર પામી છે.જે બની ને તૈયાર થઈ જતા લોકો ને બે ટાઇમ પીવાનુ પાણી મળશે તેવી આશા બંધાતા આનંદ ની લાગણી વ્યાપી જવા પામી છે. ડભોઇ ના મોતીબાગ પાસે નગર પાલિકા સંચાલીત નગરજનો ને પીવાના પાણી



પુરુ પાડતી દાયકાઓ જુની ટાંકી જર્જરીત થઈ ગઈ હતી. 1,75,000 ગેલન એટલે કે 8,00,000 લાખ લીટર પાણીના સંગ્રહની શ્રમતા ધરાવતી ટાંકી ને તોડી પાડ્યા બાદ નવી ટાંકી આકાર પામી છે.જે ટાંકી તૈયાર થઈ જનતાનગર, રામટેકરી, સુંદરકુવા,વ્હોરવાડ,ભુરામહોલ્લા ,છીપવાડ બજાર, ખાટકીવાડ, માછીવાડ, મહુડીભાગોળ, રેલ્વે નવાપુરા,મહુડીભાગોળ બહાર ના વિસ્તાર મા પીવાનુ પાણી નવીન બનેલ ટાંકી મારફતે જ પહોંચશે. હાલ મા એક ટાઇમ પીવાનુ પાણી આપવામા આવી રહ્યુ છે.તેમજ આંતરે દિવસે સાંજના પણ પાણી અપાતુ હોય આંતરે દિવસે બે ટાઈમ પાણી આપવામા આવી રહ્યુ છે.પરંતુ હાલ ટાંકી નુ કામ પુર્ણતાને આરે હોય નવીન ટાંકી શરુ થતાજ બે ટાઇમ પીવાનુ પાણી મળવાની આશા સાથે નગર ના ગીચ વસ્તી ધરાવતા વિસ્તારો મા આનંદ ની લાગણી વ્યાપી જવા પામી છે.જો કે મહુડી ભાગોળ બહાર જનતાનગર ,આંબાવાડી,નવીનગરી,વસઈવાલા જીન, સોણેશ્વર પાર્ક, દેસાઇ યાર્ડ જેવા વિસ્તારોમા પીવાના પાણીની વર્ષોથી ખુબ તકલીફો હોવાથી આ વિસ્તારમા નવીન ટાંકી મંજુર થયે પણ સાત વર્ષ ઉપરાંતનો સમય થયો છે.

બાળકો જીવના જોખમે અભ્યાસ કરવા માટે મજબૂર બન્યા : તંત્ર આંખ આડા કાન કરે છે?

# નસવાડી તાલુકાના ચામેઠા નવી વસાહતમાં જર્જરિત ઓરડામાં બાળકો જીવ જોખમમાં

(પ્રતિનિધી) નસવાડી, તા.17
નસવાડી તાલુકાના ચામેઠા નવી વસાહત ખાતે ધોરણ 1 થી 5 ની પ્રાથમિક શાળા આવેલી છે 32 જેટલા બાળકો અભ્યાસ કરે છે આ શાળા ના ઓરડા જર્જરિત છે છત માંથી પાણી ટપકે છે બારી તૂટેલી છે શાળા માં પીવાના પાણી ની સુવિધા નથી શૌચાલય તૂટેલી હાલત માં છે શાળા ની કમ્પાઉન્ડ વોલ તૂટેલી હાલત માં છે વરસાદી પાણી છત માંથી ટપકતું હોવાથી બાળકોને અભ્યાસ માં મુશ્કેલી



પડે છે કમ્પાઉન્ડ વોલ ની દીવાલો માં તિરાડો પડેલી છે ગમેત્યારે કમ્પાઉન્ડ વોલ ધરાશય થાય તેમ છે બાળકો ગ્રાઉન્ડ માં રમતા હોય અને કમ્પાઉન્ડ વોલ ધરાશય થાય તો બાળકો દબાઈ જાય તેમ છે ચામેઠા નવી વસાહત ના લોકો નો આક્ષેપ છે કે નર્મદા ડેમ બનાવવા માટે જગ્યા આપી અને ગુજરાત માં હરિયાળી છવાઈ આખા રાજ્ય ને પીવાનું પાણી આપવા માટે અમારી જમીનો નો ભોગ આપ્યો સારી સુવિધા આપવાની ખાતરી આપી ને અમને વસાવવામાં આવ્યા પરંતુ અમારા બાળકો ને ભણવા માટે સારી સ્કૂલ નથી એક વર્ષ થી શિક્ષક ની જગ્યા ખાલી છે અને અલગ અલગ શાળાઓ માંથી શિક્ષક ભણાવવા માટે આવે છે આવી પરિસ્થિતિ માં બાળકો અભ્યાસ કરી શકતા નથી હાલ તો જર્જરિત શાળામાં બેસીને બાળકો અભ્યાસ કરી રહ્યાં છે ત્યારે સત્તાધિશો દ્વારા આ તકલીફ દૂર કરવામાં આવે તેવી માંગ કરાઈ છે.